RNI No.: GUJGUJ/2014/59295

E mail -
prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 223 *Date: 03.06.2025,Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# સિક્કિમમાં ભૂસ્ખલનની ઝપેટમાં મિલિટરી કેમ્પ, ૩નાં મોત



સિક્કિમમાં એક મિલિટરી કેમ્પ ભૂસ્ખલનની ઝપેટમાં આવી ગયો છે. આમાં ૩ લોકોના મોત થયા હતા, જેમના મૃતદેહ મળી આવ્યા છે. દુર્ઘટનામાં ૬ જવાનો ગુમ થયા છે. સેનાએ સોમવારે આ ઘટનાની માહિતી જણાવી છે.સમાચાર એજન્સી પીટીઆઈએ એક રક્ષા અધિકારીને ટાંકીને જણાવ્યું હતું કે ચાર લોકોને બચાવી લેવામાં આવ્યા હતા અને તેમને સામાન્ય ઈજાઓ થઈ હતી. ગુમ થયેલા જવાનોને શોધવા માટે સર્ચ ઓપરેશન ચાલુ છે. બીજી તરફ, ૩૦ મેથી સિક્કિમના લાચેન અને લાચુંગમાં ફસાયેલા એક હજારથી વધુ પ્રવાસીઓને આજે બહાર કાઢવામાં આવ્યા હતા.સિક્કિમ સહિત પૂર્વોત્તર રાજ્યોમાં છેલ્લા ૪ દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે. વરસાદને કારણે આવેલા પૂર અને ભૂસ્ખલનમાં અત્યાર સુધીમાં ૩૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. આમાં આસામમાં ૧૦, અરુણાચલ પ્રદેશમાં ૯, મિઝોરમમાં ૫ અને મેઘાલયમાં ૬ લોકોના મોતનો સમાવેશ થાય છે.સિક્કિમમાં, ઓક્ટોબર ૨૦૨૩માં વાદળ ફાટવાને કારણે તીસ્તા નદીમાં અચાનક આવેલા પૂરમાં ૧૮ લોકો માર્યા ગયા હતા. ઓછામાં ઓછા ૯૮ લોકો ગુમ થયા હતા, જેમાં ૨૨ સૈન્ય કર્મચારીઓનો સમાવેશ થાય છે. તેમની કોઈ ભાળ મળી નહોતી.પૂર-ભૂસ્ખલન અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોને બહાર કાઢવા માટે ભારતીય સેના, વાયુસેના અને આસામ રાઈફલ્સના જવાનોને તહેનાત કરાયા છે. આસામના ૧૯ જિલ્લામાં પૂરથી ૩.૬૪ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. રોડ અને રેલવે સેવાઓ ઠપ થઈ ગઈ છે. બ્રહ્મપુત્ર અને બરાક સહિત દસ મુખ્ય નદી ભયજનક નિશાનથી ઉપર વહી રહી છે.મણિપુરમાં પૂરથી ૧૯,૦૦૦થી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. મુશળધાર વરસાદને કારણે ૩,૩૬૫ ઘરને નુકસાન થયું છે. રવિવારે બચાવ ટીમોએ અસરગ્રસ્ત જિલ્લાઓમાંથી ૧,૫૦૦થી વધુ લોકોને બચાવ્યા. રેસ્ક્યૂ તસવીરોમાં અધિકારીઓ લોકોને પોતાની પીઠ પર ઉઠાવીને સુરક્ષિત સ્થળોએ લઈ જતા દેખાઈ રહ્યા છે.ત્રિપુરામાં પૂરથી ૧૦ હજારથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. ભારે વરસાદને કારણે મિઝોરમની રાજધાની આઈઝોલમાં ૨ જૂને બધી સ્કૂલો બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. ૩૦ મેથી રાજ્યમાં ભૂસ્ખલનની ૨૧૧ ઘટના બની છે. ૩૦ મેથી સિક્કિમના લાચેન અને લાચુંગમાં ફસાયેલા એક હજારથી વધુ પ્રવાસીઓને આજે બહાર કાઢવામાં આવી રહ્યા છે.અહીં રાજસ્થાનના ૩૦ જિલ્લા અને મધ્યપ્રદેશના ૫૦ જિલ્લામાં વરસાદની ચેતવણી આપવામાં આવી છે. રવિવારે સાંજે બિહારના વૈશાલીમાં ભારે વાવાઝોડા અને વરસાદને કારણે ઘર ધરાશાયી થતાં ૬૦ વર્ષીય મહિલાનું મોત થયું હતું.

## સિક્કિમમાં આર્મી કેમ્પ ભૂસ્ખલનમાં લપેટાયું, ૩ જવાનનાં મોત, ૬ હજુ ગુમ, સર્ચ ઓપરેશન શરૂ

પૂર્વોત્તર ભારતના રાજ્યોમાં વરસાદ અને ભૂસ્ખલનથી ભારે તબાહી મચી ગઈ છે. રવિવાર (પહેલી જૂન) સાંજે સિક્કિમમાં આર્મી કેમ્પમાં ભૂસ્ખલનથી ત્રણ જવાનોના મૃત્યુ નીપજ્યા હતા. મૃતકોની ઓળખ હજુ સુધી થઈ નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે ૬ સૈનિકો પણ ગુમ છે, જેમની શોધખોળ ચાલી રહી છે.અહેવાલો અનુસાર, રવિવાર (પહેલી જૂન ૨૦૨૫)ના રોજ સાંજે ૭ વાગ્યે ઉત્તર સિક્કિમના ચટ્ટનમાં આર્મી કેમ્પમાં ભૂસ્ખલન થયું હતું, જેના કારણે



આસપાસના વિસ્તારોમાં ઘરોને ભારે નુકસાન થયું હતું. આ ભૂસ્ખલનમાં ત્રણ જવાનોના મૃત્યુ થયા છે, જ્યારે અનેક લોકો ગુમ પણ છે. મૃતકોની ઓળખ અને ગુમ થયેલા લોકોની ઓળખ માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

ઉત્તર સિક્કિમમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે લોચેન અને લાચુંગ વિસ્તારોમાં લગભગ ૧૫૦૦ પ્રવાસીઓ ફસાયા છે. મંગન જિલ્લાના એસપી સોનમ દેચુ ભૂટિયાએ જણાવ્યું હતું કે, '૧૧૫ પ્રવાસીઓ લાચેનમાં અને ૧૩૫૦ પ્રવાસીઓ લાચુંગમાં રોકાયા છે. ભૂસ્ખલનને કારણે બંને બાજુથી રસ્તાઓ બંધ થઈ ગયા છે.લાચુંગ સાથેનો માર્ગ સંપર્ક પુન:સ્થાપિત કરવામાં આવ્યો છે અને આજથી પ્રવાસીઓનું સ્થળાંતર શરૂ થશે.

## ૧૦ લાખમાંથી એકને થતી દુર્લભ બીમારી, સિવિલમાં ૬ વર્ષની બાળકીની પેપિલરી થાઈરોઈડ કેન્સરની સર્જરી

૧૦ લાખ બાળકોએ લગભગ એક બાળકમાં જોવા મળતી અતિ દુર્લભ પેપિલરી થાઈરોડ કેન્સરની સફળ સર્જરી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવી છે. ડૉક્ટરોના મતે રેડિયેશન એક્સપોઝર અને પરિવારમાં થાઈરોઈડ કેન્સરનો ઈતિહાસ ધરાવતા અથવા આનુવંશિક બીમારી હોય તેવા બાળકોમાં આ બીમારી થવાનું વધુ જોખમ હોય છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મજૂરી કામ કરતા અજય સરમિયાની ૬ વર્ષની પુત્રી મહિમાને છેલ્લા એક અહિનાથી ગળાના વચ્ચેના ભાગે દુ:ખાવા ધીરે-ધીરે વધારો થયો હતો. માતા-પિતાએ તેને અમદાવાદ સિવિલ મેડિસિટી કેમ્પસમાં આવેલી કેન્સર હોસ્પિટલમાં



બતાવવા લઈ આવ્યા હતા. જ્યાં તેના ગળાના ભાગમાં આવેલ થાઈરોઈડ ગ્રંથિમાંથી સોનોગ્રાફીની મદદથી બાયોપ્સી લેવામાં આવી. તેનું પેટ સીટી સ્કેન પણ કરવામાં આવ્યુ. જેમાં તેણીને થાઈરોઈડભાગનું પેપિલરી કેન્સર હોવાનું નિદાન થયું. આ સાથે તેના ગળાના ભાગમાં આવેલા લસિકા ગ્રંથિઓમાં પણ કેન્સરનો ચેપ હોવાનું સામે આવ્યું હતું. બાળકીની સર્જરી માટે કેન્સર હોસ્પિટલમાંથી સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી. આ જટીલ સર્જરી સફળ રહેતાં તેને આઠમાં દિવસે રજા આપવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું કે, 'આ પ્રકારના કેન્સરમાં ગળુની નજીકની કેન્સર ફેલાવાની હોવા છતાં, યોગ્ય સારવાર સાથે પેપિલરી થાઈરોઈડ કેન્સરમાં સારા પરિણામો મેળવી શકાય છે. પેપિલરી થાઈરોઈડ કેન્સરમાં ગળાના ભાગે સોજા આવવા એ મોટે ભાગે પ્રથમ લક્ષણ હોય છે. જેને બાળકોના માતા-પિતા એ અવગણવા જોઈએ નહીં અને તુરંત જ બાળરોગ સર્જન અથવા એન્ડોક્રિનોલોજિસ્ટ પાસે તેની તપાસ કરાવવી જોઈએ.

## નોર્વે ચેસ ટુર્નામેન્ટમાં ડી ગુકેશે મેગ્નસ કાર્લસનને હરાવ્યો, હારથી નિરાશ ટેબલ પર મુક્કા માર્યા




વર્લ્ડ ચેમ્પિયન ડોમારાજુ ગુકેશે નોર્વે ચેસ ૨૦૨૫ ટુર્નામેન્ટના છઠ્ઠા રાઉન્ડમાં પૂર્વ વર્લ્ડ નંબર વન મેગ્નસ કાર્લસનને પોતના કરિયરમાં પ્રથમ વખત ક્લાસિકલ ટાઈમ કંટ્રોલમાં હરાવીને શાનદાર જીત હાંસલ કરી. સફેદ મહોરાઓ સાથે રમતા યુવા ભારતીય ખેલાડીએ દબાણમાં પણ રમત પર પોતાની પકડ જાળવી રાખી અને અંતિમ રાઉન્ડમાં ૩૪ વર્ષીય નોર્વેજિયન ગ્રાન્ડમાસ્ટરની એક દુર્લભ ભૂલનો ફાયદો ઉઠાવીને તેને યાદગાર જીતમાં ફેરવી દીધું. સ્ટાવેન્જરમાં ઘરેલૂ દર્શકોની સામે રમી રહેલ કાર્લસન ગેમમાં મોટા ભાગના સમયમાં ડી ગુકેશ સામે મજબૂત દેખાવ રહ્યો અને તે સારી સ્થિતિમાં દેખાઈ રહ્યો હતો. પરંતુ ગુકેશે શિસ્ત અને ધીરજથી કાર્લસનની દરેક ચાલનો બચાવ કર્યો અને પછી સટીક વળતો હુમલો કરીને આખી ગેમ પલટી નાખી. આ ટુર્નામેન્ટમાં ટાઈમ કંટ્રોલનો નિયમ લાગુ પડે છે, જેનો અર્થ એ છે કે સમય લીધા વિના ઝડપથી ચાલ ચાલવી પડે છે. ટુર્નામેન્ટના આ જ નિયમના કારણે કાર્લસન ડગમગી રહ્યો હતો.

## સંઘર્ષ ભૂલાવી ફરી એક થશે પવાર પરિવાર, કાકા-ભત્રીજાની મુલાકાત બાદ દિગ્ગજ નેતાનું ચોંકાવનારું નિવેદન

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી સમયથી રાજયનું રાજકારણ સતત ચર્ચામાં છે. મહારાષ્ટ્રના પવાર પરિવારમાં સત્જાતા અને ઉત્તરાધિકારીનો વિખવાદ હવે પૂર્ણ થવાના આરે હોવાનો સંકેત પરિવારના જ સભ્યે જ આપ્યો છે. મહારાષ્ટ્રના રાજકરણમાં લાંબા સમયથી આ વિષય ચર્ચાઈ રહ્યો છે. શરદ પવારના પૌત્ર અને તેમના ખાસ રોહિત પવારે અજિત પવારની એનસીપી અને શરદ પવારની એનસીપી-એસપી વચ્ચે વિલય થવાની સંભાવના વ્યક્ત કરતાં આ અટકળોને વેગ મળ્યો છે. રોહિત પવારને આ બંને જૂથના વિલય અંગેનો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેનો જવાબ આપતાં કહ્યું કે, સુપ્રિયા સુલે આ મામલે અંતિમ નિર્ણય લેશે. જે સંકેત આપે છે કે, બંને પરિવાર ફરી પાછો એક તાંતણે જોડાઈ શકે છે. ઉલ્લેખનીય છે, બંને પરિવારના સભ્યો પહેલાંથી જ બંને પરિવારના જોડાણના દાવાઓ ફગાવતાં



આવ્યા છે. શરદ પવારે પણ એકતાની વાત પર સ્પષ્ટ જવાબ આપ્યો નથી. પરંતુ બંને પરિવાર વચ્ચે સમાધાન કરાવવાની જવાબદારી સુપ્રિયા સુલેના માથે નાખવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. તેઓ વિદેશ પ્રવાસથી પરત ફર્યા બાદ આ મુદ્દે વાત કરશે.સુપ્રિયા સુલે હાલ ઓપરેશન સિંદૂરની માહિતી વિશ્વ સુધી પહોંચાડવાના કેન્દ્ર સરકારના ડેલિગેશન મિશન પર છે. તેઓ ૫ જૂને ભારત પરત ફરશે. શરદ પવારે કહ્યું કે, અજિત પવાર જૂથ સાથે વિલય મુદ્દે અમારા ધારાસભ્યો કે કાર્યકરો વચ્ચે કોઈ ચર્ચા થઈ નથી. સુપ્રિયા સુલે પરત ફર્યા બાદ ચોક્કસ નિર્ણય લેશે. એવી અટકળો પણ વહેતી થઈ છે કે, શરદ પવાર ભાજપ અને અજિત પવારની એનસીપી સાથે ગઠબંધન કરવા વિચારણા કરી રહ્યા છે. પરંતુ શરદ પવારનો રાજકીય ઈતિહાસ ચોંકાવનારો રહ્યો છે. તેમની કથની અને કરનીમાં ઘણીવાર ફેર જોવા મળ્યો છે. જેથી આ મામલે જ્યાં સુધી સત્તાવાર જાહેરાત ન થાય ત્યાં સુધી કોઈ સ્પષ્ટ ચિત્ર જાણવા મળશે નહીં.

## અમદાવાદ-ઈન્દોર હાઈવે પર અકસ્માતઃ એકનું મોત, ૩ ઈજાગ્રસ્ત, ડ્રાઈવરની હાલત ગંભીર

અમદાવાદ-ઈન્દોર હાઈવે પર કાનભાના ચંદિયાલ ગામ નજીક ઈન્દોરથી અમદાવાદ જતી એક કાર ફૂલ સ્પિડમાં ત્યાં ઊભેલી ટ્રક સાથે અથડાઈ હતી. પહેલી જૂને સર્જાયેલા આ અકસ્માતમાં કારમાં પાછળ બેઠેલા એક યુવકનું મોત નિપજ્યું હતું અને અન્ય ત્રણ ઈજાગ્રસ્ત થયા હતાં. મળતી માહિતી મુજબ, આ યુવકો એક આઈસ્ક્રીમ પાર્લરના ઉદ્ઘાટનમાં હાજરી આપવા અમદાવાદ જતા હતા. પોલીસે આપેલી માહિતી મુજબ, ઈન્દોરથી કેટલાક યુવકો અમદાવાદમાં એક આઈસ્ક્રીમ પાર્લરના ઉદ્ઘાટન કાર્યક્રમમાં આવી રહ્યા હતા. આ દરમિયાન કારચાલકે અચાનક કાર પરથી કાબૂ ગુમાવતા ગાડી ત્યાં પાર્ક કરેલી મીનિ ટ્રક સાથે જોરથી અથડાઈ હતી. આ દરમિયાન તેણે એક બાઈકચાલકને પણ અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં ટક્કર એટલી જોરથી થઈ હતી કે, કારમાં પાછળ બેઠેલા એક યુવકનું ઘટના સ્થળે જ મોત થયું હતું.

## અમેરિકામાં યહૂદીઓના કાર્યક્રમમાં ફરી હુમલો, ભીડ પર બોમ્બ ઝીંક્યો, FBIએ આતંકી ઘટના ગણાવી

અમેરિકાના કોલોરાડોમાં એક શખ્સે યહૂદી કાર્યક્રમ દરમિયાન હુમલો કરી દીધો હતો. મોલોટોવ કૉકટેલ(જવલનશીલ પદાર્થ ભરેલી બોટલ)થી કરવામાં આવેલા આ હુમલામાં આશરે ૬ લોકો દાઝી ગયા હતા. મળતી માહિતી મુજબ, આ દરમિયાન ફ્રી પેલેસ્ટાઈન જેવા નારા લગાવવામાં આવ્યા હતા. હાલ, પોલીસે આરોપીની અટકાયત કરી લીધી છે. ફ્ણૈં(ફેડરલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન) આ ઘટનાને આતંકવાદી હુમલો ગણાવી રહી છે.મળતી માહિતી મુજબ, કોલોરાડોના બોલ્ડરમાં ઈઝરાયલના બંધકોની યાદમાં એક સમૂહ ભેગું થયું હતું. આ દરમિયાન એક શખ્સે ભીડ પર મોલોટોવ કૉકટેલ્સ ફેંક્યું હતું. આ સાથે તેણે ફ્લેમથ્રોઅપરથી હુમલો કર્યો હતો. હુમલાખોરની ઓળખ મોહમ્મદ સાબરી સુલેમાન તરીકે થઈ છે. હુમલાખોરે ભીડ પર હુમલો કરતી વખતે પેલેસ્ટાઈનને આઝાદ કરવાનો નારો લગાવ્યો હતો. બોલ્ડર પોલીસ પ્રમુખ સ્ટીફન રેડફર્ને જણાવ્યું કે, એક શખ્સના હથિયાર લઈને ફરવા અને લોકોને બાળી નાંખવાની જાણકારી મળ્યા બાદ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

## તંત્રી લેખ....

# ખાદ્ય તેલની કિંમતો ઘટશે! કેન્દ્ર સરકારની મોટી જાહેરાત

વધતી જતી મોંઘવારી વચ્ચે કેન્દ્ર સરકારે મહત્ત્વનો નિર્ણય લઈને સામાન્ય જનતાને મોટી ખુશખબરી આપી છે. સરકારે ક્રૂડ પામ તેલ, ક્રૂડ સોયાબીન તેલ અને ક્રૂડ સૂર્યમુખી તેલ પરની કસ્ટમ ડ્યૂટીમાં અડધો અડધ ઘટાડો કર્યો છે અને આ નિર્ણયને તાત્કાલીક અસરથી લાગુ કરવાનો આદેશ આપી દેવાયો છે. અગાઉ આ ખાદ્ય તેલો પરની મૂળ કસ્ટમ ડ્યૂટી ૨૦ ટકા હતી, જેને ઘટાડીને ૧૦ ટકા કરવામાં આવી છે. આ નિર્ણયના કારણે માર્કેટમાં તેલની કિંમતોમાં ઘટાડો થવાની આશા છે. નાણા મંત્રાલયની નવી નોટિફિકેશનને તાત્કાલીક અસરથી લાગુ કરવામાં આવ્યો છે.ખાદ્ય સચિવ સંજીવ ચોપડાએ કહ્યું કે, વર્તમાનમાં ખાદ્ય તેલની મૂળ કસ્ટમ ડ્યૂટી ૨૦ ટકા હતી, જેને સરકારે ઘટાડીને ૧૦ ટકા કરી દીધી છે. સોલવન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (જીઈઇ)ના કાર્યકારી નિદેશક બી.વી.મહેતાએ પીટીઆઈને કહ્યું કે, 'ક્રૂડ પામ તેલ, ક્રૂડ સોયાબીન તેલ અને ક્રૂડ સૂર્યમુખી તેલ પરની મૂળ કસ્ટમ ડ્યુટી ૨૦ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરવામાં આવી છે.

મહેતાએ એમ પણ કહ્યું કે, 'સુધારેલા દરો અંગેનું જાહેરનામું શુક્રવારે જારી કરવામાં આવ્યું હતું અને તે તાત્કાલિક અસરથી અમલમાં આવ્યું છે. મૂળ કસ્ટમ ડ્યુટી અને વધારાની ડ્યુટી સહિત આ ત્રણેય ઉત્પાદનો પર અગાઉ ૨૭.૫ ટકા કસ્ટમ ડ્યૂટી હતી, જે હવે ૧૬.૫ ટકા કરવામાં આવી છે. જ્યારે રિફાઈન્ડ તેલ માટે ૩૫.૭૫ ટકા કસ્ટમ ડ્યૂટી લાગુ છે.ભારત વર્તમાન સમયની માંગ મુજબ ૫૦ ટકાથી વધુ ખાદ્ય તેલોની આયાત કરે છે. મહેતાએ વધુમાં કહ્યું કે, 'કાચા પામ તેલથી રિફાઈન્ડ પામ તેલ સસ્તુ હોવાથી ભારત તે વધુ આયાત કરે છે. ભારત મલેશિયા અને ઈન્ડોનેશિયાથી પામ તેલનું આયાત કરે છે.

# 'બાઈડેનની ૨૦૨૦માં હત્યા થઈ, તેમની જગ્યાએ ક્લોન...' ટ્રમ્પની વિચિત્ર પોસ્ટ ચર્ચાનો વિષય બની

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે (પહેલી જૂન) તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક ખૂબ જ વિચિત્ર દાવા સાથે એક પોસ્ટ શેર કરી. તેમની પોસ્ટમાં પૂર્વ પ્રમુખ જો બાઈડેનને લઈને કોન્સપિરેસી થિયરી બનાવવામાં આવી હતી. અમેરિકન પ્રમુખે દાવો કર્યો હતો કે જો બાઈડેન ૨૦૨૦માં મૃત્યુ પામ્યા હતા અને તેમના સ્થાને રોબોટિક ક્લોન આવ્યા હતા. સોશિયલ મીડિયા પર એક અજાણ્યા એકાઉન્ટથી શરૂ થયેલા આ કોન્સપિરેસી થિયરીમાં બાઈડેનની હત્યા કરવી અને રોબોટ્સ દ્વારા બનાવેલ નિર્જિવ, મૂર્ખ મશીન દ્વારા બદલવાના અસાધારણ દાવા કરવામાં આવ્યા હતા. ડોનાલ્ડ ટ્રમ્પે આ અજાણ્યા એકાઉન્ટથી કરેલી આ પોસ્ટને રિપોસ્ટ કરી છે.સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે, 'જો બાઈડેન નથી. તેમની વર્ષ ૨૦૨૦માં હત્યા કરવામાં આવી હતી. તમે જેને બાઈડેન તરીકે જુઓ છો તે રોબોટ દ્વારા બનાવેલો તેમનો નિર્જીવ ક્લોન ડબલ છે. ડેમોક્રેટ્સ અસલી અને ક્લોન વચ્ચે તફાવત કરી શકતા નથી.' ટ્રુથ સોશિયલ પર એક અજાણ્યા એકાઉન્ટ પરથી કરવામાં આવેલી પોસ્ટમાં મેક અમેરિકા ગ્રેટ અગેઈન, મેક અમેરિકા હેલ્ધી અગેઈન, યુએસ સ્ટીલ અને સ્ટીલ જેવા હેશટેગ્સનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેને ટ્રમ્પે ફરીથી પોસ્ટ કર્યો છે.



# સિક્કિમ-મણિપુરમાં વરસાદથી હાહાકાર, ૩૨ના મોત, ૩૩૦૦થી વધુ મકાનો ધરાશાયી, ચારેકોર પાણી-પાણી




ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં વરસાદે હાહાકાર મચાવ્યો છે. અનેક રાજયોમાં મૂશળધાર વરસાદથી જનજીવન ખોરવાયું છે. મણિપૂરમાં વરસાદે તબાહી મચાવી છે. પૂરની સ્થિતિમાં ૧૯ હજારથી વધુ લોકો પ્રભાવિત થયા છે. અધિકારીઓએ સત્તાવાર માહિતી આપી છે. અધિકારીએ જણાવ્યું કે, છેલ્લા ચાર દિવસમાં સતત વરસી રહેલા અનારાધાર વરસાદના કારણે પૂર આવતાં ૩૨ લોકોના મોત થયા છે, ૩૩૬૫ ઘર તણાયા છે. લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ઈમ્ફાલના પૂર્વીય જિલ્લામાં અનેક રાહત શિબિર કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે. વરસાદના કારણે મણિપૂરના સેનાપતિ જિલ્લાની સાથે સાથે ઈમ્ફાલના પૂર્વીય જિલ્લા હિનગાંગ, વાંગખેઈ અને ખુરઈ વિધાનસભા ક્ષેત્રમાં સૌથી વધુ નુકસાન થયું છે. તદુપરાંત આસામ, સિક્કમ, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ અને મણિપૂરમાં પણ મૂશળધાર વરસાદ, પૂર, અને ભૂસ્ખલનના કારણે અનેક મોત થયા છે. અનેક લોકો ઘાયલ થયા છે.સિક્કિમમાં ફસાયેલા પર્યટકોને પોલીસ, સ્થાનિકો, વન કર્મીઓ અને લાચુંગ હોટલ એસોસિએશન દ્વારા બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ૩૨ લોકોના મોત થયા છે. લાચુંગ હોટલ એસોસિએશનના અધ્યક્ષ ગ્યાત્સો લાચુંગપા સ્થાનિક પ્રશાસનના સહયોગમાં અટવાયેલા લોકોને બહાર સુરક્ષિત સ્થળે ખસેડી રહ્યા છે.અરૂણાચલ પ્રદેશમાં સેનાએ અત્યારસુધીમાં ભારે વરસાદમાંથી ૧૪ લોકોને બચાવ્યા છે. અનેક રસ્તાઓ, ગામડાંઓમાં પાણી ફરી વળતાં ભારતીય વાયુ સેના (IAF)એ બચાવ કામગીરી હાથ ધરવી પડી છે. જેમાં અરૂણાચલ પ્રદેશના નીચાણવાળા વિસ્તાર દિબાંગ ખીણમાં પૂરગ્રસ્ત બોમઝીર નદીમાં ફસાયેલા ૧૪ લોકોને બચાવવામાં આવ્યા છે. ગુવાહાટીના રક્ષા જનસંપર્ક અધિકારી અનુસાર, આસામ અને અરૂણાચલ પ્રદેશની રાજ્ય સરકારે તાત્કાલિક ધોરણે બચાવ અભિયાન શરૂ કર્યાછે. તેમજ લોકોને નીચાણ વાળા વિસ્તારમાં ન જવા આદેશ આપવામાં આવ્યો છે.ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં મૂશળધાર વરસાદના કારણે સર્જાયેલા વિનાશક પૂરમાં ૩૨ લોકોના મોત અને અનેક ગુમ થયા છે.

# "જિલ્લા બાગાયત કચેરી દ્વારા ગાંધીનગર ખાતે વર્ષ ૨૦૨૫-૨૬ માં અર્બન હોર્ટીકલ્ચર ડેવલોપમેન્ટ યોજના હેઠળ ૩૧-૦૫-૨૦૨૫ ના રોજ તાલીમ યોજાઈ"



જિલ્લા બાગાયત કચરા દ્વારા ગાંધીનગર ખાતે તા. ૩૧ મે ૨૦૨૫ ના રોજ ગાંધીનગરના શહેરીજનોને અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ યોજના અંતર્ગત કલેહર માતાનું મંદિર સેકટર-૫/સી ખાતે તાલીમ આપવામાં આવી. આ તાલીમમાં ૫૦ મહિલાઓને ઘર આંગણે કિચન ગાર્ડનીગ, ઔષધીય ગાર્ડન, સુશોભના કુંડાની માવજત, ઉછેર અને કાળજી, ઘર આંગણાના વિવિધ ફળ રોપા ઉછેર કરવાની રીત અને પ્રેક્ટિકલ બાબતોના સમન્વય સાથે તાલીમ આપવામાં આવી. જેમાં તમામ તાલીમાર્થીઓએ પરસ્પર પ્રશ્નોતરી સાથે ખૂબ રસ પૂર્વક તાલીમ દ્વારા કઈક નવીન શીખીને શરૂઆત કરી શકાય તેવા શુધ્ધ હેતુથી તાલીમ મેળવેલ છે. તથા દરેક તાલીમાર્થીને ૫ કિલો પોટિંગ મિક્સ અને બે નંગ ગ્રોબેગ આપવામાં આવી હતી તથા વધુ જાણકારી માટે ફોન-૦૭૯-૨૩૨-૫૭૭૬૦ પર સંપર્ક કરવો રહેશે

# જીવનની મહેક

સેંડી આજે શાકભાજીના વિભાગમાં મળી ગઈ. તેના હાથમાં ફુગ્ગા જોયા. તેની ગાડીમાં સામાન જોયો.

"અરે વાહ આવી સરસ કેક અને ફુલોનો ગુલદસ્તો કોણ નસિબદાર છે "?

સેંડી બોલી, 'કોણ હોય, મારી મમ્મી".

ખૂબ સુંદર, 'કેટલા વર્ષની થઈ'?

'૯૩ પૂરા કર્યા.'.

મારું મોઢું પહોળું થઈ ગયું. શું વાત છે. મારાથી પૂછાઈ ગયું 'ઘરે છે કે હોસ્પિટલમાં'?

સેંડી ખડખડાટ હસી પડી. મારી મમ્મી ઘરે છે. અમે તેને બહાર લઈ જવાનું કહ્યું તો કહે છે,' ઘરે બેસીને



આરામથી જમીશું. બહારથી જમવાનું મંગાવ્યું છે. રેડ વાઈન પણ તૈયાર છે. તમે આવો એટલે પહેલા કેક કાપીશું . પછી ડાંસ કરવાનો છે. આરામથી બપોરનું ભોજન ખાઈ,પાના અને બીજી રમતો રમીશું'.

હું તો સાંભળીને છક થઈ ગઈ. ૯૩ વર્ષની 'મા' તેનો જીવન પ્રત્યેનો અભિગમ ગમ્યો.

સેંડી બોલી, 'મારી મા અઠવાડિયામાં ત્રણ દિવસ બ્રિજ રમે છે. ગાડી ચલાવીને જાય છે. ચાલતી વખતે લાકડી લેતી નથી. અરે અમે તેને કહ્યું તારી ગ્રોસરી લાવીએ, તો કહે હું મારી મેળે જઈશ. મને જે જોઈએ તે લાવીશ.'

આ અમેરિકાનું પાણી છે. સ્વતંત્રતાના આગ્રહી છે. શામાટે કોઈને તકલિફ આપવી. પછી ભલેને તે પોતાના બાળકો કેમ ન હોય ?

સેંડી મારા યોગના વર્ગમાં આવે છે. બે દિવસ પછી વર્ગમાં આવી તો કહે, મારી માના વર્ષગાંઠના ફોટા જોવા છે. વર્ગ પૂરો થયા પછી ફોટા જોયા. ખૂબ સુંદર ફોટા હતા. આ છે અમેરિકાની ગમતી બાજુ. માતા અને પિતા ઉંમર થાય છતાં પ્રેમથી જીવતા હોય છે.

જેમના બાળકો સુખી હોય તેઓ માતા અને પિતાનું ખૂબ સુંદર ધ્યાન રાખે છે. સેંડીના પતિની મમ્મી બરાબર તેની બાજુના ઘરમાં રહે છે. દરરોજ સવારે દીકરો જઈને માની ખબર પૂછી આવે. સાંજનું જમણ બધા સાથે બેસીને ખાય.

અચાનક સેંડીને યાદ આવ્યું. 'આજે મારી મા, સિનિયર્સની પિકનિક પર જવાની છે. હમણા આવશે'.

અમે બંને કોફી પી રહ્યા હતા,ત્યાં તેની મા આવી. તેના મોઢા પરનું હળવું સ્મિત અને આંખોમાં મને મળવાનો ઉમંગ જોઈ હું છક થઈ ગઈ.

મારા કરતા ૧૩ વર્ષ ઉંમરમાં મોટા હતા. વાંકાવળીને પગે લાગી. પછી તે સમજી ગયા કે આ ભારતિયની સભ્યતા છે. તમણે મને 'બી હેપી' કહ્યું..

જ્યારે બસમાં બેસીને ગયા ત્યાં સુધી એક પલક તેમને નિરખી રહી. મનમાંથી વિચાર આવી ગયો, પ્રભુસાજી નરવી રાકહજો. બાળકોને ત્રાસ પડે એવું મોત નથી જોઈતું. કોને ખબર છે કાલની ?

પ્રવિણા કડકીયા ,અમેરીકા

# સુરત પાલિકામાં એપ્રિલ અને મે મહિનામાં કુલ ૨.૧૭ લાખ મિલકતદારોએ ૩૫૯ કરોડનો એડવાન્સ ટેક્સ ભર્યો




સુરત મહાનગર પાલિકામાં ઓક્ટ્રોયની નાબૂદી બાદ મિલકત વેરાની આવક પાલિકાની આવકનો મુખ્ય સ્ત્રોત બની ગઈ છે. સુરત પાલિકાએ મિલકત વેરાની વસુલાત વધુ થાય તે માટે એપ્રિલ અને મે માસમાં સાત વેરામાં રિબેટ આપવાનો નિર્ણય કર્યો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ રિબેટ મેળવવા માટે સુરતીઓ ઉતાવળા બન્યા છે. સુરત પાલિકાની તિજોરીમાં એપ્રિલ માસમાં જ વેરા પેટે ૩૫૯ કરોડથી વધુ જમા થઈ ગયો છે. સુરતના ૨.૫૭ લાખ મિલકતદારોએ નાણાકીય વર્ષ શરૂ થયાના બે મહિનામાં જ વેરો જમા કરાવી દીધો છે. સુરત પાલિકાએ લોકો મિલ્કત વેરો ભરવા માટે એપ્રિલ માસમાં ૧૦ ટકા અને મે માસમાં સાત ટકા રિબેટ આપવામાં આવે છે. જો કોઈ કરદાતા ઓનલાઈન વેરો ભરે તો વધારાના બે ટકા રિબેટ આપવામા આવે છે જેના કારણે સુરતીઓ વેરો ભરવા માટે ઉતાવળ કરે છે અને આ વેરાના કારણે પાલિકાનો વિકાસ પણ ઝડપી બની રહ્યો છે. નાણાકીય વર્ષ શરૂ થયાના પહેલા પખવાડિયામાં જ પાલિકાની તિજોરીમાં ૧૦૦ કરોડની મિલકત વેરો જમા થઈ ગયો હતો. બે મહિનામાં એડવાન્સ વેરો જમા થયો તેના સામે સુરત પાલિકાએ ૧૮.૭૨ કરોડ રૂપિયાનું રિબેટ આપ્યું છે. સુરત પાલિકા દ્વારા ઓનલાઈન વેરા વસુલાતની કામગીરી શરૂ કરી છે જેના કારણે હવે લોકો ઓનલાઈન વેરો ભરતા થયાં છે. બે મહિનામાં સુરત પાલિકાએ ૯૪૦૨૬ લોકોએ ૧૮૫.૩૦ કરોડનો વેરો પાલિકાની તિજોરીમાં જમા કરાવી દીધો છે. સુરતીઓ જે રીતે એડવાન્સમાં વેરો ભરીને રિબેટ લઈ રહ્યાં છે તેના કારણે પાલિકાની વેરા વસુલાતની કામગીરીમાં રાહત થવા સાથે જે આવક થઈ રહી છે તેનાથી વિકાસના કામો પણ ઝડપથી થઈ રહ્યાં છે.

# વડોદરામાં ફૂલ વેચતી મહિલાએ નાણાં ન આપતા યુવકનો હુમલો

લાલબાગ બ્રિજ નીચે ફૂલનો વેપાર કરતા પથારાધારકોએ નાણાં આપવાનો ઈન્કાર કરતા ઈરફાન ઉર્ફે રાજા પઠાણ નામના શખ્સે મહિલા વેપારીની સાડી ખેંચી કાઢી ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડવા અંગે ફરિયાદના આધારે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.શહેરના નવાપુરા વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય શારદાબેન રાજેશભાઈ માળી લાલબાગ બ્રીજ નીચે ફુલનો વેપાર કરે છે. તેમણે ફરિયાદ નોંધાવી હતી કે, ગઈકાલે રવિવારે હું, મારી બહેન તથા મારા પતિ લાલબાગ બ્રીજ નીચે ફુલો વેંચતા હતા. તે વખતે સવારના આશરે દશેક વાગ્યાના સુમારે નવાપુરા મુસ્લીમ મહોલ્લા માં રહેતો ઈરફાન ઉર્ફે રાજા પઠાણ




લાલબાગ બ્રીજ નીચે અમારી પાસે આવેલ અને મારી પાસે પૈસા માંગેલ મેં નહી આપતા મને તથા મારી બહેનને અપશબ્દો કહ્યા હતા. ઈરફાન ઉર્ફે રાજા અગાઉ પણ અમને આ રીતે હેરાન પરેશાન કરતો હોય પૈસા આપવાનો ઈન્કાર કરતા મને જાનથી મારી નાખવાની ધમકી લાફો મારી દીધેલ અને મારી સાથે ઝપાઝપી કરી મારી છાતીના ભાગે હાથ મારી તેમજ તેણે મારી સાડી પકડી ખેંચી કાઢી ગડદાપાટુનો માર મારતા જમણા પગમાં ઈજા પહોંચી હતી. આ ઝપાઝપી દરમ્યાન મારી દીકરીએ પોલીસ કંટ્રોલને જાણ કરતા પોલીસે ઈરફાન ઉર્ફે રાજા પઠાણની અટકાયત કરી હતી.

# જામનગર નજીક સળગતી ટ્રક રણજીત સાગર ડેમમાં ઉતારી, ફિલ્મી દ્રશ્યો સર્જાયા

જામનગરના રણજીત સાગર રોડ પર રવિવારે (પહેલી જૂન) સાંજે ઘાસ ભરેલી મિની ટ્રક ઉપરથી પસાર થઈ રહેલી વીજ લાઈન સાથે આવી ગયો હતો. તણખો પડવાથી તેમાં રહેલું ઘાસ સળગવા લાગ્યું હતું. ટ્રક ચાલકે સમય સૂચકતા વાપરીને ટેમ્પોને ડેમના પાણીમાં ઉતારીને આગ બુઝાવી હતી. પોતે નીચે ઉતરી ગયો હોવાથી કોઈ જાનહાનિ થઈ ન હતી. જામનગરથી મોખાણા તરફ જઈ રહેલા એક મિની ટ્રકમાં સૂકા ઘાસનો જથ્થો ભરેલો હતો અને તે રવિવારે સાંજે રણજીત સાગર રોડ પર ડેમની નજીકથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન ટ્રકમાં ભરેલા ઘાસના જથ્થામાં ઉપરથી પસાર થઈ રહેલી વિજ લાઇનમાંથી તણખો પડ્યો હતો

# ગરીબ-મધ્યમ વર્ગના વિદ્યાર્થી માટે હવે ડૉક્ટર બનવું માત્ર સપનું, MBBS માટે ૫૦ લાખથી ૧ કરોડ ખર્ચવા પડશે

ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ માટે હવે સ્મ્મ્જીનો અભ્યાસ કરવું સપનું બની જશે. કારણકે એમબીબીએસમાં ખાનગી કોલેજોમાં સંપૂર્ણ કોર્સની ફી ૫૦ લાખથી ૧ કરોડ રૂપિયા સુધીની થઈ ગઈ છે અને ઘણી કોલેજોમાં તો સંપૂર્ણ ફી ૧.૧૦ કરોડથી પણ વધી ગઈ છે.ˈ સાડા વર્ષનો સંપૂર્ણ અભ્યાસક્રમ હોય છે ત્યારે હાલ ૧૯ ખાનગી મેડિકલ કોલેજમાં ૯ લાખથી ૧૧.૨૦ લાખ રૂપિયા ફી સરકારી ક્વોટામાં થઈ છે.

# માંજલપુરના ઝઘડામાં સમાધાન કરાવવા ગયેલા યુવક પર જ હુમલો

વડોદરાના માંજલપુરમાં મહેશ્વરી નગરમાં રહેતા સાહિલ મહેશભાઈ સોલંકી માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવવી છે કે મારા મિત્ર જસપાલ રાઠોડ (રહે. ડાહીબાનગર, માંજલપુર ) ને અજય તથા સુનિલ માળી તથા વિશાલ પરમાર સાથે ગઈકાલે બપોરે ૧:૩૦ વાગે ઝઘડો થયો હતો.જેનું સમાધાન કરાવવા માટે હું અને મારો મિત્ર ક્રિષ્ના માંજલપુર ઈવા મોલની સામે અવધ પાનના ગલ્લા પર રાત્રે ૧૧:૩૦ એ ગયા હતા. જ્યાં સમાધાન થયા બાદ હું તથા મારો મિત્ર ક્રિષ્ના સોની ત્યાંથી નીકળી રહ્યા હતા તે વખતે સુનિલ માળીએ મારી સાથે ઝપાઝપી કરી હતી.

# ૮૭-વીસાવદર વિધાનસભાનાં ભારતીય જનતા પાર્ટી નાં ઉમેદવાર કીરીટભાઈ પટેલે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની ઉપસ્થિતમાં ઉમેદવારી નોંધાવી




ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આગામી ૧૯/૦૬ નાં રોજ વીસાવદર તથા કડી વિધાનસભા ની ચુંટણી જાહેર કરવામાં આવી છે ત્યારે આજરોજ ૮૭-વીસાવદર વિધાનસભાનાં ભારતીય જનતા પાર્ટીનાં ઉમેદવાર તરીકે શ્રી કીરીટભાઈ પટેલે ગુજરાત સરકારનાં માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિત માં વીસાવદર પ્રાન્ત કચેરી ખાતે ઉમેદવારી નોંધાવી હતી ત્યારે પ્રથમ શ્રી કીરીટભાઈ પટેલે માર્કેટિંગ યાર્ડ ખાતે પુર્વ મુખ્યમંત્રી સ્વ.કેશુભાઈ પટેલની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી આશિર્વાદ લીધા હતા ત્યારબાદ ૮૭-વીસાવદર વિધાનસભાની ચુંટણીનાં મધ્યસ્થ કાર્યાલય ખાતે વિશાળ જનમેદની વચ્ચે વિજય સંકલ્પ જાહેર સભા યોજાઈ હતી.આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વીસાવદર ભેંસાણનાં મતદારોને વિકાસની રાજનીતિ સાથે આગળ વધવા સાથે “સૌનો સાથ, સૌનો વિકાસ” નાં સુત્ર સાથે ૧૯ તારીખે ભારતીય જનતા પાર્ટીને મત આપી ભવ્ય વિજય અપાવવા માટે આહવાન કર્યું હતું. ત્યારબાદ ૮૭-વીસાવદર વિધાનસભાનાં વીસાવદર શહેરમાં ભવ્ય રેલી યોજી આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા આગેવાનોની ઉપસ્થિતમાં પ્રાન્ત અધિકારી સમક્ષ કીરીટભાઈ પટેલે ઉમેદવારી ફોર્મ રજું કર્યુ હતું.આ કાર્યક્રમમાં માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેબિનેટ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી કુંવરજીભાઈ બાવળીયા, સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, શ્રી રાજેશભાઇ ચુડાસમા, વીસાવદર વિધાનસભા ચૂંટણી પ્રભારીશ્રી કમલેશભાઈ મીરાણી, શ્રી જયેશભાઇ રાદડીયા, સંયોજકશ્રી ભરતભાઇ વડાલીયા, સહ સંયોજકશ્રી નરેન્દ્રભાઈ કોટીલા, જીલ્લા પ્રમુખશ્રી ચંદુભાઈ મકવાણા, ધારાસભ્યશ્રી સંજયભાઇ કોરડીયા, પુર્વ ધારાસભ્યશ્રી કનુભાઈ ભાલાળા, શ્રી હર્ષદભાઈ રીબડીયા, શ્રી ભુપતભાઇ ભાયાણી, જુનાગઢ મહાનગર મીડીયા કન્વીનર સંજય પંડ્યા સહિત સંગઠનનાં હોદેદારો આગેવાનો તેમજ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




તા.૫-૬-૨૦૨૫ ગુરુવારે સાંજે ૪-૩૦ થી ૬-૩૦ દરમ્યાન ગાયત્રી જયંતિ-ગંગાદશેરા,અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના સંસ્થાપક/સંરક્ષક યુગઋષિ પં.શ્રીરામ શર્મા આચાર્યજીની પૂણ્ય તિથીએ ગાયત્રી દિપયજ્ઞ-ગંગા પૂજન તેમજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ તથા વિદ્યાર્થીઓ માટે નવા વર્ષમાં શાળા પ્રવેશોત્સવ પ્રારંભે વિદ્યારંભ સંસ્કાર-સરસ્વતી પૂજનનું આયોજન-સંચાલન શ્રીજિગીશાબેન દ્વારા મીરામ્બિકા સ્કૂલ કેમ્પર્સ,મીરામ્બિકા રોડ,નારણપુરા ખાતે ગાયત્રી પરિવાર નારણપુરા-શ્રી પાટીદાર પરિવાર મહિલા વિકાસ-લાયન્સ કલબ ઓફ અમદાવાદ સંવેદના-જોધપુરહીલના સહયોગ સહકારમાં યોજવામાં આવ્યું છે.પૂજન માટે પેન-નોટબુક વિદ્યાર્થી-વાલીઓએ લઈ આવવા વિનંતિ

# ૮૭-વીસાવદર વિધાનસભાનાં ભારતીય જનતા પાર્ટી નાં ઉમેદવાર કીરીટભાઈ પટેલે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની ઉપસ્થિતમાં ઉમેદવારી નોંધાવી....



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આગામી ૧૯/૦૬ નાં રોજ વીસાવદર તથા કડી વિધાનસભા ની ચુંટણી જાહેર કરવામાં આવી છે ત્યારે આજરોજ ૮૭-વીસાવદર વિધાનસભાનાં ભારતીય જનતા પાર્ટીનાં ઉમેદવાર તરીકે શ્રી કીરીટભાઈ પટેલે ગુજરાત સરકારનાં માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિત માં વીસાવદર પ્રાન્ત કચેરી ખાતે ઉમેદવારી નોંધાવી હતી ત્યારે પ્રથમ શ્રી કીરીટભાઈ પટેલે માર્કેટિંગ યાર્ડ ખાતે પુર્વ મુખ્યમંત્રી સ્વ.કેશુભાઈ પટેલની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી આશિર્વાદ લીધા હતા ત્યારબાદ ૮૭-વીસાવદર વિધાનસભાની ચુંટણીનાં મધ્યસ્થ કાર્યાલય ખાતે વિશાળ જનમેદની વચ્ચે વિજય સંકલ્પ જાહેર સભા યોજાઈ હતી.આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વીસાવદર ભેંસાણનાં મતદારોને વિકાસની રાજનીતિ સાથે આગળ વધવા સાથે “સૌનો સાથ, સૌનો વિકાસ” નાં સુત્ર સાથે ૧૯ તારીખે ભારતીય જનતા પાર્ટીને મત આપી ભવ્ય વિજય અપાવવા માટે આહવાન કર્યું હતું. ત્યારબાદ ૮૭-વીસાવદર વિધાનસભાનાં વીસાવદર શહેરમાં ભવ્ય રેલી યોજી આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા આગેવાનોની ઉપસ્થિતમાં પ્રાન્ત અધિકારી સમક્ષ કીરીટભાઈ પટેલે ઉમેદવારી ફોર્મ રજું કર્યુ હતું.આ કાર્યક્રમમાં માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેબિનેટ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી કુંવરજીભાઈ બાવળીયા, સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, શ્રી રાજેશભાઇ ચુડાસમા, વીસાવદર વિધાનસભા ચૂંટણી પ્રભારીશ્રી કમલેશભાઈ મીરાણી, શ્રી જયેશભાઇ રાદડીયા, સંયોજકશ્રી ભરતભાઇ વડાલીયા, સહ સંયોજકશ્રી નરેન્દ્રભાઈ કોટીલા, જીલ્લા પ્રમુખશ્રી ચંદુભાઈ મકવાણા, ધારાસભ્યશ્રી સંજયભાઇ કોરડીયા, પુર્વ ધારાસભ્યશ્રી કનુભાઈ ભાલાળા, શ્રી હર્ષદભાઈ રીબડીયા, શ્રી ભુપતભાઇ ભાયાણી, જુનાગઢ મહાનગર મીડીયા કન્વીનર સંજય પંડ્યા સહિત સંગઠનનાં હોદેદારો આગેવાનો તેમજ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડાંગના તિજોરી અધિકારી શ્રી ધનેશકુમાર બી. પટેલનો નિવૃત્તિ વિદાય સન્માન સમારંભ યોજાયો




આહવા-ડાંગ

ડાંગના જિલ્લા તિજોરી અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી ધનેશકુમાર બી. પટેલના નિવૃત્તિના અવસરે ડાંગ સ્વરાજ આશ્રમ-આહવાના ટીમ્બર હોલ ખાતે ભવ્ય વિદાય સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. તેઓએ છેલ્લા ૩૫ વર્ષ, ૪ માસ અને ૧૪ દિવસ સુધી રાજય સરકારની નોકરીમાં નિષ્ઠાપૂર્વક અને પ્રમાણિક રીતે ફરજ બજાવી હતી.વિદાય સમારંભમાં ઇન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી તથા પ્રાયોજના વહીવટદાર શ્રી આનંદ એ. પાટીલ, જિલ્લા પંચાયતના હિસાબી અધિકારી શ્રી આર.બી. ચૌધરી, મદદનીશ પ્રાયોજના વહીવટદાર શ્રી ડી.પી. મિસ્ત્રી સહિત તિજોરી કચેરીના કર્મચારીઓ અને શ્રી પટેલના કુટુંબજનો ઉપસ્થિત રહ્યા હતાં.શ્રી આનંદ એ. પાટીલે પોતાના શુભેચ્છા સંદેશમાં કહ્યું હતું કે, શ્રી ધનેશકુમાર પટેલે પોતાની કારકિર્દી દરમિયાન ઉત્તમ કામગીરી કરી છે, અને તેમની નિવૃત્તિ પછીનું જીવન આરોગ્યદાયક, શાંતિપૂર્ણ અને પરિવાર સાથે આનંદમય રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી.સન્માન સમારંભ દરમિયાન ઉપસ્થિત અધિકારીઓ તથા પરિવારજનો દ્વારા શ્રી પટેલને શાલ ઓઢાડી, મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા.આ વિદાય સમારંભ હર્ષ અને ભાવુક ક્ષણો સાથે સંપન્ન થયો હતો. ઉપસ્થિત સર્વેજનોએ તેમને ઉજ્જવળ ભવિષ્ય અને સુખમય નિવૃત્તિ જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી.પ્રત્યુત્તરમાં સૌ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરતા શ્રી ધનેશભાઈ પટેલે, ડાંગ જિલ્લાની ૪૫ સરકારી કચેરીઓના પગાર તથા આનુસાંગિક ખર્ચના બિલો તથા જિલ્લા પંચાયત કચેરી આહવા ડાંગના ગ્રાંટના તમામ બીલો સમયસર મંજૂર કરી સુમેળભર્યા સંબધો દરેક કચેરી સાથે જાળવી રાખેલ છે. તેમજ ડાંગ જિલ્લાના ૨૪૦૦ પેન્શનરોને પણ પોતાના અંગત સ્નેહીજન સમજીને સમયસર તેમના લાભો ચુકવવાની પ્રતિબદ્ધતા સાથે પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવેલ છે, તેમ છતાં ક્યાંક કોઈ વહીવટી ત્રુટિ રહી જવા પામી હોય તો દરગુજર કરવા દરેક સંબધિત કચેરીઓને અપીલ પણ કરી હતી.

# ફ્લિપકાર્ટ ફાઉન્ડેશન અને AIACAનો સંયુક્ત સસ્ટેનેબલ આર્ટિસન એન્ટરપ્રાઈઝ પ્રોગ્રામ



ફ્લિપકાર્ટ ફાઉન્ડેશનની ચેરિટેબલ શાખા, ફ્લિપકાર્ટ ફાઉન્ડેશને ઓલ ઈન્ડિયા આર્ટિસન્સ એન્ડ ક્રાફ્ટવર્કર્સ વેલ્ફેર એસોસિએશન (છૈંછઝછ) સાથે મળીને, પશ્ચિમ બંગાળ અને ગુજરાતમાં ટકાઉ, મહિલા-આગેવાની હેઠળના કાપડના સમૂહોના નિર્માણના હેતુથી તેના કાર્યક્રમના બીજા તબક્કાની જાહેરાત કરી છે. એક સ્થિર આજીવિકા ઉભી કરવા અને હરિયાળી ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટેનો, આ સહયોગ બજારની પહોંચ વધારીને અને બંને રાજ્યોના પસંદગીના વિસ્તારોમાં મહિલા કારીગરો માટે સામાજિક-આર્થિક ઉત્થાન સુનિશ્ચિત કરીને સર્જનાત્મક અર્થતંત્રને મજબૂત બનાવવાનો પ્રયત્ન કરે છે.

પશ્ચિમ બંગાળના બીરભૂમમાં પ્રથમ તબક્કાના મજબૂત પરિણામોના આધારે, આ પહેલ હવે ગુજરાતના બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લાઓમાં વિસ્તરિત થઈ છે. આ કાર્યક્રમ માળખાગત તાલીમ, ઉદ્યોગ માર્ગદર્શન અને બ્રાન્ડ વિકાસ દ્વારા મહિલાઓની આગેવાની હેઠળ કારીગરોના સમૂહોની રચના અને વૃદ્ધિને ટેકો આપશે. તે ૬૦૦થી વધુ મહિલા કારીગરોને સીધી રીતે જોડશે અને પરોક્ષ લાભાર્થીઓ સહિત ૩,૦૦૦થી વધુ વ્યક્તિઓને લાભ આપશે. પશ્ચિમ બંગાળમાં, બજારની સંભાવનાને વધારવા અને હાલના સાહસની લાંબા ગાળાની ટકાઉપણું પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જ્યારે ગુજરાતમાં, બે સમૂહોને કૌશલ્ય નિર્માણ, શાસન તાલીમ, બ્રાન્ડ વિકાસ અને આઉટરીચ અને નાણાકીય અને કલ્યાણ યોજનાઓ સાથે જોડાણો સમાવિષ્ટ વ્યાપક મોડેલ દ્વારા ટેકો આપવામાં આવશે.

બીજા તબક્કાની રજૂઆત અંગે જણાવતા, ફ્લિપકાર્ટના કોર્પોરેટ અફેર્સ, વાઈસ પ્રેસિડેન્ટ સારાહ ગિડીયોને જણાવ્યું હતું કે, “એઆઈએસીએ સાથેનો અમારો સહયોગ મહિલા કારીગરોને પણ આવરી લેતો વિકાસ અને ટકાઉ આજીવિકાને પ્રોત્સાહન આપવાની મૂળ પ્રતિબદ્ધતા ધરાવે છે. પશ્ચિમ બંગાળમાં મળેલી સફળતા દર્શાવે છે કે, કેવી રીતે ટાર્ગેટ તાલીમ, બજાર એકીકરણ અને ટકાઉપણા કેન્દ્રિત પ્રથાઓ સ્થાનિક હસ્તકલા સમૂહોને પરિવર્તિત કરી શકે છે. ગુજરાતમાં વિસ્તરણ સાથે, અમે ફક્ત એક સાબિત કરેલા મોડેલનો અમલ નથી કરી રહ્યા, પરંતુ યોગ્ય સાધનો, સંસાધનો અને તકો આપવામાં આવે ત્યારે સમુદાયોની પરિવર્તનનું નેતૃત્વ કરવાની શક્તિની પણ અમારી માન્યતાને આગળ વધારી રહી છે. આ પ્રોજેક્ટ ભારતના વિકસતા સર્જનાત્મક અર્થતંત્રમાં ખીલી શકે તેવા સ્થિતિસ્થાપક, મહિલા-આગેવાની હેઠળના વ્યવસાયોના નિર્માણમાં આગળ વધવાનું ડગલું છે.”ઓલ ઈન્ડિયા આર્ટિસન્સ એન્ડ ક્રાફ્ટવર્કર્સ વેલફેર એસોસિએશનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મીનુ ચોપરા ઉમેરે છે કે, “પશ્ચિમ બંગાળમાં એક કારીગર સમૂહને એક ટકાઉ ઉદ્યોગ બનવાના પ્રવાસમાં ટેકો આપવા માટે ફ્લિપકાર્ટ ફાઉન્ડેશન સાથે કામ કરવામાં ખૂબ જ મજા આવી. આ બધું જ ઉદ્યોગના બજાર-આધારિત વિકાસને મજબૂત કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું, જેમાં તેની સાથે સંકળાયેલી મહિલા કારીગરોને સામાજિક-આર્થિક લાભો પણ મળ્યા છે. પર્યાવરણીય ટકાઉપણાના વિચાર પર મહિલા કારીગરોને સંવેદનશીલ બનાવતી વખતે ગ્રીન વેલ્યુ ચેઈન બનાવવા માટે ઝીરો-વેસ્ટ તાલીમ જેવી કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. પશ્ચિમ બંગાળ પ્રોજેક્ટની સફળતાને પગલે ગુજરાતમાં પણ તેના જેવી જ પહેલ અમલમાં મૂકવાનો માર્ગ ખોલી આપ્યો છે, જે ભારતમાં કારીગર-આધારિત ક્લસ્ટરો/ઉદ્યોગોમાં આ મોડેલનું નકલ કરવાની અમારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. ક્રાફ્ટ-આધારિત સમૂહોના ટકાઉપણાને પ્રોત્સાહન આપવાની અને તેની સાથે સંકળાયેલી મહિલા કારીગરોને સશક્ત બનાવવાની આ સફરમાં મૂલ્યવાન ભાગીદાર બનવા બદલ અમે ફ્લિપકાર્ટ ફાઉન્ડેશનના આભારી છીએ.”

# સાવરકુંડલાના સદ્ભાવના ગ્રુપનો સેવા યજ્ઞ 'ચિયર્સ જિંદગી' શો સાથે એમ્બ્યુલન્સ-મેડિકલ સાધનો લોકાર્પણ



સાવરકુંડલામાં સદ્ભાવના ગ્રુપ દ્વારા આયોજિત ‘ચિયર્સ જિંદગી‘ શો, એમ્બ્યુલન્સ અને મેડિકલ સાધનોના લોકાર્પણનો ભવ્ય કાર્યક્રમ યોજાઈ ગયો. પૂજ્ય ઉષામૈયા અને પૂજ્ય ભક્તિરામ બાપુ સહિતના સંતો-મહંતોએ વિશેષ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા.આ પ્રસંગે ડીવાયએસપી શ્રી વલય વૈદ્ય સાહેબ અને નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી સદ્ભાવના ગ્રુપના આમંત્રણને માન આપી ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ વિડિયો કોન્ફરન્સ દ્વારા સદ્ભાવના ગ્રુપને અભિનંદન પાઠવી તેમના સેવાકીય કાર્યોને બિરદાવ્યા હતા.

પૂજ્ય ઉષામૈયાના આશીર્વાદથી છેલ્લા ૨૪ વર્ષથી સદ્ભાવના ગ્રુપ સાવરકુંડલામાં સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યું છે. આ કાર્યક્રમ દરમિયાન અનેક દાતાશ્રીઓએ ઉમદા યોગદાન આપ્યું હતું એમ્બ્યુલન્સ (ઇક્કો મિની આઈ.સી.યુ) અર્પણ કરનાર દાતાશ્રીઓ લુહાર સંતશ્રી મુળદાસ બાપા ગોકુલ જ્વેલર્સ પરિવાર (ચંદ્રકાંતભાઈ ભાઈચંદભાઈ કાત્રોડીયા) શેઠશ્રી મહાસુખરાય ત્રિભુવનદાસ કામદાર પરિવાર કંચનબેન કપૂરદાસભાઈ પારેખ (હ. સ્મિતાબેન લલીતભાઈ કપૂરચંદ પારેખ, સાવરકુંડલાવાળા) તેમજ મેડિકલ સાધનો અર્પણ કરનાર દાતા ગોપાલ કૃષ્ણ ગૌ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ (સાવરકુંડલા)

‘ચિયર્સ જિંદગી‘ કાર્યક્રમમાં દાનવીરોનો સહયોગ મળ્યો હતો અને સાવરકુંડલાના લોકોએ હંમેશની જેમ આ શોમાં બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. સદ્ભાવના ગ્રુપ દ્વારા એમ્બ્યુલન્સ સેવા, રક્તદાન સેવા જેવી અનેક સેવાઓ આપવામાં આવે છે. આ સેવાકીય પ્રવૃત્તિઓમાં દાતાશ્રીઓ અને ધર્મપ્રેમી જનતાનો મળેલ સાથ-સહકાર બદલ સદ્ભાવના ગ્રુપે સર્વેનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.